ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪
શુક્રવાર ૭ ઓગસ્ટ, ૨૦૨૬


## સંક્ષિપ્ત સમાચાર

### ધારાસભ્ય ગણપત વસાવાએ હથોડાના પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી


ઈબ્રાહીમ કાનુ

હથોડા: તાજેતરમાં કીમ નદીમાં આવેલા પૂરના પાણીએ હથોડા સહિત લીંબાડા, વેલાછા, કઠવાડા, મોટી નરોલી, વાલેસા, મોટા બોરસરા, કોઠવા અને કુંવારદા જેવા વિસ્તારોમાં ભારે તારાજી સર્જી હતી. નીચાણવાળા વિસ્તારમાં રહેતા કેટલાક ગરીબ પરિવારો લાચાર બનીને રસ્તા પર આવી ગયા હતા. સ્થાનિક પંચાયત સ્તરના તંત્ર દ્વારા જે-તે સમયે તેમને જીવનજરૂરી મદદ પૂરી પાડવામાં આવી હતી. બાદ ગુરુવારે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાએ હથોડા સહિત પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. આજે શુક્રવારે હથોડા ગામના પૂર અસરગ્રસ્તોને રૂ.2,400 પ્રમાણે કેશડોલની ચૂકવણી કરવામાં આવશે.

### ખોલવડમાં લિફ્ટમાં માથું આવી જતાં યુવકનું મોત

કામરેજ: મૂળ રાજસ્થાનના વતની અને હાલ કામરેજના ખોલવડની સિધ્ધિ વિનાયક ઈન્ડસ્ટ્રિઝમાં સ્લેબ ભરવાનું કામ કરતા દિનેશ ફટુ ગઢવા (ઉં.વ.30)નું ગુરુવારે બપોરે 12 કલાકે ચોથા માળ પર લિફ્ટમાં પગ અને માથું આવી જતાં મોત નીપજ્યું હતું. આ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નવી નગરીમાં પાંચ જુગારી ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના નવીનગરી વિસ્તારમાં આંકફરકના સટ્ટા બેટિંગ પર અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ભારતી વસાવા, સોનલ વસાવા, શેખર વસાવા, કરણ વસાવા અને જયેશ વસાવાની અટકાયત કરી હતી. દરોડા દરમિયાન પોલીસે સ્લીપ બુક, સાહિત્ય અને રૂ.૧૭,૯૬૦ની રોકડ રકમ જપ્ત કરી છે. આ બાબતે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઉમરપાડામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી

વાંકલ: અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સુપોષણ પ્રોજેક્ટે ઉમરપાડા તાલુકામાં વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે તા.1થી 7 ઓગસ્ટ દરમિયાન જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માતા અને બાળકના આરોગ્ય માટે સ્તનપાનના મહત્ત્વ અંગે જાગૃતિ કેળવવાનો હતો. આ સપ્તાહ દરમિયાન સુપોષણ સંગીનીઓએ વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે પરિવાર પરામર્શ, સમૂહ ચર્ચા, અને પૌષ્ટિક વાનગીઓના જીવંત પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા બહેનો માટે ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી.

### ચાસવડથી ચોરીનો આરોપી ઝડપાયો



ભરૂચ: ભરૂચ SOGની ટીમે નેત્રંગના ચાસવડ ગામેથી સુરત ગ્રામ્યના કોસંબા અને પાલોદ પોલીસ સ્ટેશનના બે ગુનામાં ફરાર આરોપી યોગેશભાઈ રતિભાઈ વસાવાને ઝડપી પાડ્યો છે. તેની અટકાયત કરી આગળની કાર્યવાહી અર્થે નેત્રંગ પોલીસ મથકે સોંપાયો છે. પકડાયેલા આરોપી યોગેશ વસાવા સામે નેત્રંગ મથકમાં પાંચ અને સુરત ગ્રામ્યમાં બે મળીને કુલ સાત ગુના નોંધાયેલા છે.

### કરચેલિયા ભૂ.ભી.સાર્વજનિક હાઈસ્કૂલનું ગૌરવ


સલીમ દિવાન

ભોરિયા: અંબિકા તાલુકાના કરચેલિયા સ્થિત ભૂ. ભી. જાહેર હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ એસ.જી.એફ.આઈ. શાળાકીય રમતોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળામાંથી કુલ 34 વિદ્યાર્થીએ દોડ, કૂદ અને ફેંકની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેમાં યુ-14, યુ-17 અને યુ-19 વિભાગના 30 ખેલાડીએ પોતાની પ્રતિભાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. 9 સ્પર્ધામાં પ્રથમ સ્થાન, 8 સ્પર્ધાઓમાં દ્વિતીય સ્થાન અને 4 સ્પર્ધાઓમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી તાલુકા કક્ષાએ શાળાનું નામ રોશન કર્યું છે. વિજેતા ખેલાડીઓને આચાર્ય, શિક્ષકમંડળ અને વ્યાયામ શિક્ષક ગિરીશ પરમારે અભિનંદન પાઠવ્યાં હતાં.

### અંકલેશ્વરમાં દારૂ સાથે એક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે કર્માતુર ચોકડી નજીકથી ચિરાગ ચતુર મકાણીને રૂ.૪,૮૭૨ની કિંમતની વિદેશી દારૂની ૭ બોટલ સાથે પકડી પાડ્યો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### બારડોલીમાં રોહિત કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને યુનિફોર્મ અને પ્રમાણપત્ર વિતરણ



બારડોલી: શ્રી સુરત વલસાડ જિલ્લા રોહિત કેળવણી મંડળ, બારડોલી સંચાલિત વિવિધ શાળાઓ અને છાત્રાલયોના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દાતાઓના સહયોગથી ૨૨૫ જેટલાં યુનિફોર્મનું વિતરણ કરાયું હતું. આ સાથે જ વોકેશનલ કોર્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખ રાજેન્દ્ર એમ. સોલંકીએ મહેમાનોનું સ્વાગત કરી સંસ્થાની સરાહનીય કામગીરીનો પરિચય આપ્યો હતો. મુખ્ય મહેમાન કિશનભાઇ પટેલે વિદ્યાર્થીઓને સંબોધિત કરી ભવિષ્યમાં પણ પૂરતી સહાયની ખાતરી આપી હતી. મંત્રી હેમંતભાઇ ચૌહાણ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઇસ્માઇલભાઇ હાફેજીજી તરફથી રૂ. ૪૯,૦૦૦, કિશનભાઇ પટેલ, ગિરીશભાઇ પટેલ અને ARISE AND AWAKE JAGRUTI ASSOCIATION U.K. તરફથી રૂ.૧૧,૦૦૦, તથા ઓમ સર્જિકલ અને જયંતીભાઇ ચૌહાણ તરફથી રૂ.૭,૦૦૦ દાન પ્રાપ્ત થયું હતું. જીતેન્દ્ર ચૌહાણ અને જાગૃતિબેન ભક્ત દ્વારા પણ રૂ.૫,૦૦૦નું અનુદાન અપાયું હતું.

# બારડોલી પાલિકાની સભા 5 મિનિટમાં સમેટાતાં વિપક્ષના આખી રાત ધરણાં

**મોડી** રાત્રે પોલીસે કાલુ કરીમ શાહની અટકાયત કરતાં મામલો ગરમાયો

**સવારે** ચીફ ઓફિસર કચેરીએ પહોંચતા જ વિપક્ષી સભ્યોએ ઘેરી લીધા



બારડોલી: બારડોલી નગરપાલિકામાં સામાન્ય સભા કોઈપણ જાતની ચર્ચા વિના માત્ર પાંચ મિનિટમાં જ સમેટી લેવાતાં વિપક્ષ આખી રાત કચેરી બહાર ખુલ્લામાં ધરણાં પર બેઠો હતો.

બુધવારે નિર્ધારિત સમય કરતા સભા થોડી મોડી શરૂ થઈ હતી. શાસક પક્ષના સભ્યો મોડા પહોંચ્યા બાદ પ્રમુખ નીલમ વ્યાસ દ્વારા સીધા એજન્ડા વાંચીને મિટિંગ પૂર્ણ કરી દેવાઈ હતી. આ બાબતે વિપક્ષી સભ્યો સ્વાતિ પટેલ, કાલુ કરીમ શાહ અને કેયૂરી ચૌધરીએ વિગતવાર ચર્ચાની માંગ સાથે મોબાઈલમાં લાઈવ વિડીયો રેકોર્ડિંગ શરૂ કરી દીધું હતું. શાસક પક્ષના સભ્યો ચાલ્યા જતા આ ત્રણેય નગરસેવકો પ્રમુખ અને ચીફ ઓફિસરની કેબિન બહાર જ ધરણા પર ઊતરી ગયા હતા. કચેરી બંધ કરવાનો સમય થવા છતાં તેઓ ન માનતા અંતે અડધી રાત્રે પોલીસ બોલાવીને નગરસેવક કાલુ કરીમ શાહની અટકાયત કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે શહેર કોંગ્રેસ પ્રમુખ કિરણ લાકડાવાળા સહિત કોંગ્રેસના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

પોલીસ દ્વારા મુક્ત કરાયા બાદ પણ નગરસેવકોએ કચેરી બહાર આખી રાત વિરોધ ચાલુ રાખ્યો હતો. બીજા દિવસે સવારે ચીફ ઓફિસર કચેરીએ પહોંચતા જ વિપક્ષી સભ્યોએ તેમને ઘેરી લીધા હતા અને સભા ફરી બોલાવવાની માંગ સાથે ઉગ્ર રજૂઆત કરી હતી.

\જોકે, ચીફ ઓફિસરે આ સત્તા પ્રમુખની હોવાનું જણાવી હાથ અધ્ધર કર્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરી પણ માંડવીથી બારડોલી દોડી આવ્યા હતા. ભારે ખેંચતાણ બાદ ચીફ ઓફિસરે વિપક્ષના કેટલાક પ્રશ્નોના લેખિતમાં જવાબો આપ્યા હતા.

### આગામી સભામાં પ્રશ્નો સાંભળવાની ખાતરી બાદ પારણા

વિપક્ષના આકરા વલણ બાદ આગામી સામાન્ય સભામાં વિપક્ષની તમામ રજૂઆતો ધ્યાને લેવામાં આવશે તેવી હૈયાધારણ ચીફ ઓફિસર દ્વારા આપવામાં આવી હતી. આ સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો અને ચીફ ઓફિસરે પોતાની કેબિનમાં જ ભૂખ હડતાળ પર બેઠેલા ત્રણેય નગરસેવકોને પોતાના હાથે પાણી પીવડાવીને ઉપવાસના પારણા કરાવ્યા હતા.

# માંડવીના ખરોલીમાં તલાટી અને સરપંચના પતિ સાથે અસભ્ય વર્તન

**વરસાદી** નુકસાનીના સરવે દરમિયાન ગાળાગાળી, હત્યાની ધમકી

માંડવી: માંડવીના ખરોલી ગામે તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ નુકસાનીનો સરવે કરવા ગયેલા સરકારી કર્મચારી અને મહિલા સરપંચના પતિ સાથે ગાળાગાળી કરી, ધમકી આપી હાથાપાઈ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

મળતી વિગતો અનુસાર ગત ૩૧ જુલાઈના રોજ પડેલા ભારે વરસાદના કારણે માંડવીના ખરોલી ગામમાં થયેલા નુકસાનની સમીક્ષા માટે તલાટી કમ મંત્રી કેવીનભાઈ તથા મહિલા સરપંચ વર્ષાબેનના પતિ વિનોદભાઈ જમનાભાઈ ચૌધરી પૂરગ્રસ્ત વિસ્તારમાં સરવેની કામગીરી કરી રહ્યા હતા. એ સમયે ગામના જ પિંકલકુમાર પ્રવીણભાઈ ચૌધરી નામના શખ્સે આવીને 'અગાઉ અમુક ઘરનો સરવે કરી ગયા છો અને બાકી કેમ રાખી દીધા?' તેમ કહી તકરાર કરી હતી.

બાદ ૨ ઓગસ્ટે બપોરે જ્યારે તલાટી અને વિનોદભાઈ અન્ય એક ગ્રામજનના ઘરે સરવે કરી રહ્યા હતા, ત્યારે આરોપી પિંકલકુમારે ફરી આવી અસભ્ય ભાષામાં ગાળાગાળી કરી બોલાચાલી કરી હતી. તેણે 'તું મારું શું ઉખાડી લેવાનો છે, તને જાનથી મારી નાંખીશ' તેવી ધમકી આપીને હાથાપાઈ કરી હતી. ફરિયાદી વિનોદભાઈના જણાવ્યા મુજબ આ આરોપીએ અગાઉ ૧૨ જાન્યુઆરીના રોજ પણ તેમની સરપંચ પત્ની પાસે RTI હેઠળ માહિતી માંગવા બાબતે ઝઘડો કર્યો હતો. આ અંગે માંડવી પોલીસ સ્ટેશનમાં વિનોદભાઈની ફરિયાદના આધારે આરોપી પિંકલકુમાર ચૌધરી સામે ગુનો નોંધી તેની અટકાયત કરવામાં આવી છે. સમગ્ર મામલે PSI સુરેખાબેન આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

# ચલથાણમાં ટ્રક ધડાકાભેર અથડાતાં હાઈટેન્શન વીજ ટાવર ધરાશાયી

**મહાકાય** ટાવર ધ્વસ્ત થઈ જતાં વીજળી ડૂલ


ઈલ્યાસ શેખ

પલસાણા: કડોદરા નજીક ચલથાણ કટ પાસે ગુરુવારે વહેલી સવારે આશરે 6:20 વાગ્યે પાઈપ ભરેલી એક બેકાબૂ આઈશર ટ્રક માર્ગની બાજુમાં આવેલા 66 KVના હાઈટેન્શન વીજળીના ટાવર સાથે ધડાકાભેર અથડાતાં વીજ ટાવર જમીનદોસ્ત થઈ ગયો હતો. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

વીજ ટાવર સીધો રસ્તા પર તૂટી પડતાં નિયોલથી ડિંડોલી તરફ જતા કેનાલ રોડ પરનો વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ થઈ ગયો હતો. સવારના સમયે ડિંડોલી-કડોદરા રોડ પર 1થી 1.5 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને વાહનોને અન્ય માર્ગે વાળી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

આ દુર્ઘટનાને પગલે બે મુખ્ય વીજ લાઈનો ટ્રિપ થતાં આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના 13 ફીડરોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ગેટકો દ્વારા ભાટિયા સબ સ્ટેશનના પુરવઠાને કામચલાઉ ધોરણે વૈકલ્પિક લાઈન પર ડાયવર્ટ કરી હાલ લોડ શેડિંગ કરવામાં આવી રહ્યું છે. બારડોલી, મહુવા અને વાવથી ગેટકોની વિશેષ ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. હાલ 200 ટનની ક્ષમતા ધરાવતી ક્રેનની મદદથી જમીનદોસ્ત ટાવરને ઊભો કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વહીવટી તંત્રના જણાવ્યા મુજબ મોડી સાંજ કે રાત સુધીમાં વીજ પુરવઠો સંપૂર્ણ પૂર્વવત થઈ જશે.

### કુકરમુંડાના મોરંબામાં શિયાળ મૃત હાલતમાં મળ્યું

કુકરમુંડા: કુકરમુંડાના મોરંબામાં આવેલા એક ખેતરમાં જંગલી શિયાળ મૃત હાલતમાં મળી આવ્યું હતું. પ્રાથમિક માહિતી અનુસાર રખડતાં કૂતરાંના ઝૂંડે હુમલો કરતાં શિયાળનું મોત થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા દિવસોથી આ જંગલી શિયાળ ખેતરોમાં જોવા મળતું હતું. શિયાળનાં બચ્ચાં પણ આસપાસના વિસ્તારમાં જોવા મળ્યાં હતાં.

ઉપરાંત, ગામની સીમમાં શિયાળ સહિત અન્ય વન્ય પ્રાણીઓની પણ અવરજવર જોવા મળી રહી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ આ જ વિસ્તારમાં ખેતરમાં કામ કરતા અનેક લોકો પર જંગલી શિયાળે હુમલો કર્યો હોવાની ઘટનાઓ સામે આવી હતી, જેના કારણે ખેડૂતો અને ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

# પલસાણાના એનામાં દીપડી બચ્ચાં સાથે દેખાતાં પાંજરાં ગોઠવાયાં

**અલગ-અલગ** મહોલ્લામાં પ્રવેશી મરઘાં, પાડા અને વાછરડાંનો શિકાર કરતાં લોકોમાં ભય


પલસાણા: પલસાણાના એના ગામમાં છેલ્લા એક મહિનાથી દીપડાનો આતંક જોવા મળી રહ્યો છે. ગામના વિવિધ વિસ્તારોમાં દીપડાની સતત અવરજવર અને પશુઓના શિકારની ઘટનાઓથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે.

એના ગામના માહ્યાવંશી મહોલ્લો, પાદર ફળિયા અને વચલા ફળિયામાં છેલ્લા એક મહિનાથી દીપડાનો ભય વ્યાપેલો છે. દીપડો રોજેરોજ અલગ-અલગ મહોલ્લામાં પ્રવેશીને મરઘાં, પાડા અને વાછરડાંનો શિકાર કરી રહ્યો છે. સતત થતા આ શિકારથી સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાયો છે. આ ગંભીર સમસ્યા અંગે ગામના જાગૃત નાગરિકોએ 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડને જાણ કરી હતી. જતીન રાઠોડે તાત્કાલિક ધોરણે પલસાણા વનવિભાગના આર.એફ.ઓ. ભાવેશભાઈ રાદડિયાનો સંપર્ક કરી પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. વનવિભાગે ત્વરિત કાર્યવાહી કરતા શરૂઆતમાં ગામના પાદર ફળિયામાં પાંજરું મૂક્યું હતું. પરંતુ ગામની આસપાસ શેરડીનો મોટો વિસ્તાર આવેલો હોવાથી દીપડા આસાનીથી છુપાઈ જાય છે અને અલગ-અલગ મહોલ્લામાં દેખાઈ રહ્યા છે. છેલ્લા બે દિવસથી માહ્યાવંશી મહોલ્લામાં એક દીપડી જોવા મળી હતી, અને ત્યારબાદ તેનાં બચ્ચાં પણ ગ્રામજનોની નજરે પડ્યાં હતાં. ગુરુવારે પણ પાદર ફળિયામાં દીપડી જોવા મળી હતી. વનવિભાગ દ્વારા સુરક્ષાના ભાગરૂપે માહ્યાવંશી મહોલ્લામાં પણ મારણ સાથે બીજું પાંજરું ગોઠવવામાં આવ્યું છે. ગઈકાલે સાંજના સમયે ફળિયાનાં બાળકો જ્યારે પોતાના ઘર તરફ જઈ રહ્યાં હતાં, ત્યારે રસ્તાની બાજુમાં જ તેમને દીપડો જોવા મળતા નાસભાગ મચી હતી. આ ઘટના બાદ રાત્રિના સમયે કેળના ખેતરમાં પણ દીપડો લટાર મારતો નજરે ચડ્યો હતો. હાલમાં વનવિભાગ દ્વારા દીપડાને વહેલી તકે પાંજરે પૂરવા માટે સઘન કવાયત હાથ ધરવામાં આવી છે.

### બારડોલીમાં પરિણીતા રહસ્યમય સંજોગોમાં ગુમ

બારડોલી: બારડોલીના જૂની સિવિલ કોર્ટ સામે ખાડા ફળિયામાં રહેતા અને મજૂરી કરતા અજય વસાવાનાં પત્ની દુર્ગાબેન (ઉં.વ.૨૭) ગત ૫ ઓગસ્ટે અચાનક લાપતા થયાં છે. તેઓ સવારે પોતાની દીકરીને શાળાએ મૂકવા ગયાં હતાં. ત્યારબાદ કોઈને કંઈ કહ્યા વગર અને કોઈપણ સામાન લીધા વિના ગુમ થઈ ગયાં હતાં. પરિવારે સગાંસંબંધીઓમાં ભારે શોધખોળ કરી છતાં કોઈ પત્તો ન મળતાં આખરે પતિએ બારડોલી ટાઉન પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. સીસીટીવી ફૂટેજ ચકાસતાં દુર્ગાબેન સવારે આશરે ૧૦:૪૫ વાગ્યે સરદાર ચોકથી માછીવાડ ફળિયા તરફ એકલા ચાલતા જતા જોવા મળ્યાં છે, પરંતુ ત્યારબાદ તેમની કોઈ ભાળ મળી નથી.

### કીમમાં ફાટક ક્રોસ કરતા યુવકનું મોત



કીમ: ઓલપાડના કીમ નજીક ગુરુવારે સાંજે રેલવે ફ્રેટ કોરિડોર પર ટ્રેન ક્રોસ કરતી વખતે અકસ્માત સર્જાયો હતો. સાયણ નોકરી જઈ રહેલા કુડસદના નેહરુનગરમાં રહેતા મૂળ યુ.પી.ના રામલાલ પટેલનું ટ્રેન અડફેટે આવતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. 108ની ટીમે પહોંચી યુવકને મૃત જાહેર કર્યો હતો. છેલ્લા એક અઠવાડિયામાં ટ્રેક ક્રોસ કરતી વખતે મોતની આ બીજી ઘટના બનતાં સ્થાનિકોમાં ભારે ચિંતા પ્રસરી છે. સુરક્ષાનાં પગલાં લેવાની માંગ સાથે કીમ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# મૂળદની ટેક્સટાઈલ ફેક્ટરીમાંથી યુવાન ગુમ

કીમ: મૂળદ ગામ સ્થિત શુભમ ટેક્સટાઈલમાં આવેલી કૃશીવ વેવ ટેક કંપનીમાંથી 22 વર્ષીય યુવાન રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં કીમ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ સ્મીતભાઈ અરવિંદભાઈ મુંજાણી (ઉં.વ.22) (રહે.,માધવ મંદિર, ડભોલી રોડ, કતારગામ, સુરત) તા.5 ઓગસ્ટના રોજ સવારે આશરે 10:30 વાગ્યે મૂળદ ગામ ખાતે આવેલી કંપનીમાંથી પોતાના પરિવારજનો કે સંબંધીઓને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર ક્યાંક જતાં રહ્યો હતો. પરિવારજનોએ સગા-સંબંધીઓ તેમજ આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો મળ્યો નહોતો.

### અંકલેશ્વરમાં દારૂ સાથે ત્રણ ઝડપાયા

અંકલેશ્વર: ભરૂચ એલસીબી ટીમે અંકલેશ્વરમાં બાતમીના આધારે વોચ ગોઠવી દારૂ ભરેલી સ્વિફ્ટ કાર નં.(જીજે-૧૮-ઈ.સી.-૬૨૫૧) ઝડપી પાડી હતી. પોલીસે કારમાંથી ૬ દારૂની બોટલો અને કાર સહિત કુલ રૂ.૩,૦૧,૪૦૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ભડકોદરાના યુગ અજયસિંહ સિંહ, નવા દીવા ગામના અશ્વિન વસાવા અને સારંગપુરના સંદીપ વસાવા નામના ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી.


Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati
02:00pm, 09:00pm
Get Set Go-Gujarati
12:00pm, 06:00pm
DC - 11:00am, 03:00pm, 09:30pm
Jan Neta - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### કઠોદરામાં 800થી વધુ અનાજની કિટનું વિતરણ


કિરણ ઢોડિયા

કીમ: કઠોદરા ગામમાં કીમ નદીના વિનાશક પૂરના કારણે અસરગ્રસ્ત પરિવારોને રાહતરૂપ બનવા ગુરુવારે, તા. 6 ઓગસ્ટે સવારે 11 વાગ્યે પૂજા ગ્રુપ એન્ડ ઇન્ડસ્ટ્રિઝ તથા ભારત ચોસલાના સહયોગથી 800થી વધુ અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના હસ્તે કિટ્સનું વિતરણ કરાયું હતું. ભારતભાઈ ચોસલા દ્વારા પૂરગ્રસ્તોની સહાય માટે બીજી વખત અનાજની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે.

### સોનગઢમાં કારમાંથી રૂ.૬.૬૭ લાખનો દારૂ ઝડપાયો, ચાલક ફરાર

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી કે એક સફેદ રંગની અર્ટિગા કાર નં.(GJ-01-WF-7439)માં દારૂનો જથ્થો જઈ રહ્યો છે. પોલીસે નવા આર.ટી.ઓ. કાર્યાલય પાસે નાકાબંધી કરી ગાડી અટકાવવાનો પ્રયાસ કરતાં ચાલકે પૂરઝડપે ગાડી ભગાવી હતી. પોલીસે પીછો કરતાં નવા આર.ટી.ઓ. પાસે ગાડી ડિવાઈડર સાથે અથડાતાં કારનું ટાયર ફાટી ગયું હતું અને અંધારાનો લાભ લઈને ચાલક નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે ગાડીની તલાશી લેતાં વિદેશી દારૂની 785 બોટલો અને ટીન (કિ.રૂ.1,62,820) મળી આવ્યાં હતાં. કાર અને મોબાઈલ સહિત કુલ રૂ.૬.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. કારમાંથી મળેલા ડ્રાઇવિંગ લાઈસન્સ અને કાર્ડ્સના આધારે ફરાર ડ્રાઈવરની ઓળખ દેવીકાંત દવદાસ બહેરા (રહે.,નાલાસોપારા ઈસ્ટ, મહારાષ્ટ્ર) તરીકે થઈ છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંબિકા તાલુકામાં પૂરપીડિતોને સહાય

અનાવલ: અંબિકા તાલુકામાં તાજેતરના પૂરના કારણે સ્થળાંતરિત થયેલા અને અસરગ્રસ્ત પરિવારોને સરકાર દ્વારા જાહેર કરાયેલી રાહત સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આજરોજ યોજાયેલા કાર્યક્રમમાં સ્થળાંતરિત થયેલા પૂરપીડિતોને કુટુંબ દીઠ 1,200ની કેશડોલ સહાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયતના સભ્યો, જિલ્લા પંચાયતના સભ્યો તેમજ સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે લાભાર્થીઓને કેશડોલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઘરવખરી નુકસાન બદલ કુટુંબ દીઠ 5,000ની સહાય સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

### ઉમરવાડામાં જુગાર રમતા ચાર ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના ઉમરવાડા સ્થિત હનુમાન ફળિયાની ખુલ્લી જગ્યામાં ચાલતા જુગાર પર પાનોલી પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી સરફરાજ ભૈયાત, વિનોદ વસાવા, ઈકબાલ મુલ્લા અને પીયૂષ વસાવાને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ૫,૧૩૦ની રોકડ, પત્તા અને પાથરણું જપ્ત કરાયું છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


**જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**
કેસ નં.૪૩૪/૨૦૨૬
અરજદાર: નામ:- રમેશભાઈ રૂપાભાઈ વળવી, રહે:-આમોદા તા.કુકરમુંડા જી.તાપી
વિરૂધ્ધ
સામાવાળા: નામ:-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી,બાલંબા, રહે:-ગ્રામ પંચાયત બાલંબા
જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ
આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં રમેશભાઈ રૂપાભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ મોજે.આમોદા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા જન્મ ના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા કચેરી ગ્રામ પંચાયત, બાલંબા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.
આજ તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિકકો
હુકમથી (કલ્પેશ ડી.પટેલ)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૨૭૨/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬
વાદી :- ફીરોજા ઈસ્માઈલ બદાતની દિકરી તે મહમદ ભૈયાતની પત્ની, રહે.ટાંકી ફળિયુ, મુ.પો.પાનોલી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ-૩૯૪૧૧૫.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ધામડોદ ગૃપ ગ્રા.પં., ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત- ૩૯૪૧૧૫
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ફીરોજા ઈસ્માઈલ બદાતની દિકરી તે મહમદ ભૈયાતની પત્ની, રહે.ટાંકી ફળિયુ, મુ.પો.પાનોલી, તા.અંકલેશ્વર, જી.ભરૂચ- ૩૯૪૧૧૫એ તેઓના પોતે ફીરોજા ઈસ્માઈલ બદાતનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ફીરોજા ઈસ્માઈલ બદાત ૨. જન્મ તારીખ: ૦૭/૦૯/૧૯૬૪ ૩. જન્મનું સ્થળ: મોજે.ધામડોદ, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ફીરોજા ઈસ્માઈલ બદાતના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.
કોર્ટનો સિકકો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત